| GJBN050015672024 | सत्यमेव जयते | કેસ રજુ તા : ૧૮/૦૬/૨૦૨૪<br>કેસ દાખલ તા: ૧૮/૦૬/૨૦૨૪<br>કેસ ફેંસલ તા: ૨૩/૦૪/૨૦૨૬<br>સમય ગાળો :દિવસ–માસ–વર્ષ |
|---|---|---|

**મહે. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.મહુવા.**

ફોજદારી કેસ નં. ૧૦૯૯/૨૦૨૪

આંક:–

ફરીયાદી:– શ્રીસરકાર.

**વિરૂધ્ધ**

આરોપી:– રવજીભાઈ બાલાભાઈ બારૈયા,
ઉ.વ. ૫૧ , ધંધો– મજુરી,
રહે.કતપર ગામ, મહુવા, ભાવનગર.

**ગુન્હો:– પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ.**

---

સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એ.વી.રાજયગુરૂ.
આરોપી તરફે વિ.વકીલશ્રી આર.એસ.ભાલીયા

---

**–: ઠ રા વ :–**

૧. આરોપી સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, આ કામનાં આરોપી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટામાં દેશી દારૂ લીટર– ૦૩ કિંમત રૂા. ૬૦ /– નો રાખી, ગુન્હો કરેલ, જેથી આરોપી સામે પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ) મુજબની ફરીયાદ આપવામાં આવેલ. જેની તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

આ કામે ફરીયાદપક્ષના કેસ સંબંધી ચર્ચા કરતા પૂર્વે એ નોંધવું જરુરી છે કે, હાલનો કેસ ગુજરાત સરકારશ્રી ધ્વારા પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ પ્રોહીબીશન એકટની જોગવાઈઓ તેમજ સજા સંબંધી જોગવાઈઓમાં સુધારો કરવામાં આવેલ હતો.

જે બાદ નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૮૮૯૨/૨૦૧૮ તા.૫/૫/૨૦૧૮ ધ્વારા આપવામાં આવેલ ચુકાદા તથા તે ચુકાદા સાથે નામદાર ગુજરાત વડી અદાલતના પરીપત્ર ક્રમાંક ૯૨૦૦/૨૦૧૮, ઓફીસ ઓર્ડર નં.૭૫૮/૨૦૧૮ અન્વયે પ્રોહીબીશન એકટમાં થયેલ સુધારા બાદ પણ હાલના કાયદા અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપવામાં આવેલ હોવાનું ઠરાવેલ છે. જેથી પ્રોહીબીશન એકટ સુધારા બાદના પણ કેસો ચલાવવવાની અત્રેની કોર્ટને સત્તા આપેલ હોય, હાલનો કેસ ચલાવવામાં આવેલ છે.

૨. આ કામના આરોપીને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી. કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક-૦૬ થી તહોમતનામું ફરમાવી આંક-૦૭ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

3. ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે :

(અ) **<u>મૌખિક પુરાવો</u>** :-

| **<u>ફરીયાદપક્ષે મૌખિક પુરાવાઓ</u> :-** | | |
|---|---|---|
| (૧) | ત.ક.અ. કનુભાઈ વાજસુરભાઈ બોરીચા ની જુબાની. | આંક- ૨૦ |
| (૨) | પંચ હારુનભાઈ અલારખભાઈ ચૌહાણ ની જુબાની. | આંક- ૧૩ |
| (૩) | પંચ મુસ્તુફા મહમદભાઈ ચૌહાણ ની જુબાની. | આંક- ૧૫ |
| **<u>ફરીયાદપક્ષે મૌખિક પુરાવાઓ</u> :-** | | |
| (૧) | પંચનામાની ખરી નકલ. | આંક- ૧૪ |
| (૨) | ફરિયાદીની ખરી નકલ | આંક- ૨૧ |

| | | |
|---|---|---|
| (૩) | તપાસ સોપ્યા અંગેના હુકમની નકલ | આંક– ૨૨ |
| (૪) | એફ.એસ.એલ.રવાનગી પત્રની નકલ | આંક– ૨૩ |

ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તર્ફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

**૪.** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીનું સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આ કામના આરોપીએ તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી. તેમજ વિશેષમાં ખોટી ફરીયાદ કરેલ હોવાનું તથા તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ બંન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u> :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટામાં દેશી દારૂ લીટર–૦૩ કિંમત રૂા. ૬૦ /– નો રાખી, પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં.૧</u> :**

**૭.** સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧ ૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત ધ્યાને લેતા તથા દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતા ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૨૦ થી તપાસ કરનાર અમલદાર કનુભાઈ વાજસુરભાઈ બોરીચા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગં

દ ઉપરના પુરાવામાં આ કામના આરોપી પોતાના કબજા હવાલામાં વગર પાસ પરમીટે દેશી દારૂ મળી આવેલ હોવાનું જણાવે છે. અને ફરીયાદને અનુરૂપ પુરાવો આપે છે. પંચનામુ, એફ.એસ.એલ. રવાનગીની નકલ રજુ કરેલ છે. તેમજ ફરીયાદમાં ફરીયાદીએ તેઓની સહિ ઓળખી બતાવેલ છે. તેમજ ફરીયાદીએ ફરીયાદ આપતાં પી.એસ.ઓ.એ ગુન્હો નોંધી આગળની તપાસ ત.ક.અ.ને સોપતાં તેઓએ તપાસ સંભાળી લઈ, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લઈ, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે પ્રથમ પંચનામું કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી. તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવવાળા સ્થળેથી સ્વતં ત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ કહેવાતી જગ્યા આ કામના આરોપીની માલિકી કે કબજા હવાલાનું હોવા અંગે કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ આંક- ૧૩ થી પંચ હારુનભાઈ અલારખભાઈ ચૌહાણ તથા આંક-૧૫ થી પંચ સાહેદ મુસ્તુફાભાઈ મહમદભાઈ ચૌહાણ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમનાં પુરાવામાં આંક-૧૪થી રજુ થયેલ પંચનામામાં તેમની સહિ કર્યા સિવાય કશું જાણતા નહિ હોવાનું જણાવેલ હોય, એ સં જોગોમાં આ કામે તપાસવામાં આવેલ પંચ જ્યારે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ પુરાવો રજુ રાખતા ન હોય, નામ. ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

2016 (4) GLR 3159
THE STATE OF GUJARAT
vs
YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) &

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon*

*such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

આમ, જયારે આ કામે એકમાત્ર પંચ સાહેદ સ્વતંત્ર સાહેદ છે અને તેઓ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. તેમજ આ કામે પોલીસ સાહેદના પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પકડાયેલ પ્રોહી. મુદ્દામાલ બાબતે શંકા ઉદભવે છે. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી રવજીભાઈ બાલાભાઈ બારૈયા નાઓને ક્રિ. પ્રો. કોડ કલમ ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

૨. સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

૩. આ કામે આરોપીએ આ કેસમાં અગાઉ અત્રેની અદાલતમાં આપેલ જામીન તથા જાત મુચરકો આ કેસના આ ચૂકાદાની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૪/૨૦૨૬ (હિતેશકુમાર બુધાભાઈ શર્મા)
મહુવા. કોડ નં.જીજે૦૧૧૪૭
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, મહુવા.

એચ.એ.છેલાણા